## (૧) <u>વ્યવસ્થાતંત્ર કાર્યો અને ફરજો</u>

### હેરીટેજ વિભાગની કામગીરીની વિગત

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરીટેજ વિભાગ દ્વારા શહેરના ભવ્ય વારસાની જાળવણી અને નાગરિકોમાં તેનું ગૌરવ જાગૃત કરવાની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. હેરીટેજ વિભાગ દ્વારા શહેરની મુલાકાતે આવતા પ્રવાસી અને નગરજનોને અમદાવાદ શહેરના સ્થાપત્ય,કલા, ધાર્મિક સ્થળો, પોળો તેમજ સંસ્કૃતિ અને પરંપરાઓનો પરિચય કરાવવાના ઉદ્દેશ્યથી હેરીટેજ વોક ઓફ અમદાવાદ **"અમદાવાદની અસ્મિતા યાત્રાનું"** આયોજન કર્યુ છે.આ હેરિટેજ વોક દરરોજ સવારે ૮-૦૦ વાગે સ્વામિનારાયણ મંદિર,કાલુપુરથી શરૂ થઇ ૧૦-૩૦ વાગે માણેકચોક,જુમ્મા મસ્જિદ પુરી થાય છે.જેમાં પ્રવાસીઓને ગાઇડ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

હેરીટેજ વિભાગ દ્વારા અમદાવાદ શહેરના જે અગ્રણીઓએ સ્વાતંત્ર્ય સંગ્રામના જંગમાં વિશિષ્ટ સેવા પ્રદાન કર્યુ તેમના વિશે નવી પેઢી અને અન્ય પ્રવાસીઓને માહિતગાર કરવા માટે ક્રાંતિની ઘટનાઓ અને તેની સાથે સંકળાયેલા વિરલ પુરૂષો વિશે સંશોધન અને માહિતી સંપાદનનું કામ હાથ ધરી તેની ફલશ્રુતિ રૂપે અમદાવાદની ક્રાંતિયાત્રા - સ્વાતંત્ર્ય સંગ્રામના સંસ્મરણ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.આપણા હેરીટેજના અમુલ્ય વારસા અંગે નગરજનોની જાણકારીમાં વધારો થાય, તથા તેના જતન અને જાળવણી કરવા માટે, સમયે-સમયે જુદા-જુદા કાર્યક્રમાનું આયોજન કરવામાં આવે છે.

આ ઉપરાંત હેરીટેજ વિભાગ દ્વારા અ.મ્યુ.કો.ના હસ્તક આવેલ પ્રાચીન કલાકૃતિ અને, ચબુતરાઓ, વાવ, ફોર્ટ વોલ,અને અ.મ્યુ.કો.ના હસ્તક હેરીટેજ હવેલીઓ/મકાનો વિગેરે રીપેરીગ કરવાનું કામ તથા હેરીટેજ મુલ્ય ધરાવતા ખાનગી મકાનો રીપેરીગ કરાવવા માટે ટેકનીકલ માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે.

ઉપરાંત અમદાવાદ શહેર ઐતિહાસિક વારસાની દેશ વિદેશમાં પ્રચાર-પ્રસાર થાય તેવા તથા શહેરની ઐતિહાસિક વારસાની યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સીટીના લિસ્ટમાં સામેલ કરવા માટેની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

ઐતિહાસીક અમદાવાદ શહેરની ફરતે આવેલ ફોર્ટવોલ અને દરવાજાઓ ના રીસ્ટોરેશનની કામગીરી હેરીટેજ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે. જેમાં મુખ્યત્વે શાહપુર શંકરભુવન સામે થી કામા હોટલ, ખાનપુર સુધીની દિવાલ, ગુજરી બઝારથી રાયખડ દરવાજા સુધીની દિવાલ, તેમજ નહેરૂબ્રીજથી એલીઝબ્રીજ સુધીની દિવાલના રીપેરીંગ/રીસ્ટોરેશનની કામગીરી તબક્કાવાર ચાલુ છે. ખાનપુર દરવાજાને ઉતારીને નવેસરથી રીસ્ટોરેશન કરવાની કામગીરી ચાલુ છે.

આ ઉપરાંત શહેરના સુપ્રસીધ્ધ કાંકરીયા તળાવની ફરતે આવેલ પગથીયાના રીસ્ટોરેશન/રીપેરીંગની કામગીરી તબક્કાવાર કરવામાં આવી રહેલ છે.

શહેરના કોટ વિસ્તારમાં કોટ વિસ્તારમાં આવેલ ગોરધનદાસ દલસુખરામ ગુજરાતી શાળાના રીસ્ટોરેશન / રીપેરીંગની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે.

